છેલ્લા કેટલાક દિવસોથી છોટાઉદેપુર જિલ્લામાં વિચિત્ર હવામાનનો અનુભવ થઈ રહ્યો છે

# છોટાઉદેપુર પંથકમાં મોડી રાત્રે કમોસમી વરસાદી ઝાપટું પડ્યું

**પંથકના ખેડૂતોને** ઊભા પાક નુકસાનની ભીતિ



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.20

સમગ્ર છોટાઉદેપુર પંથકમાં છેલ્લા બે ત્રણ દિવસથી વાદળછાયુ વાતાવરણ છવાયું હતું અને આજે વહેલી સવારે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો, જેના કારણે કમોસમી વરસાદ વરસ્યો હતો. આ વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે, પરંતુ ખેડૂતોમાં ઊભા પાકને ભારે નુકસાન થવાની ચિંતા વ્યાપી છે.

છોટાઉદેપુર શહેર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી પરોઢે કાળા ડિબાંગ વાદળો ઘેરાયા બાદ અચાનક વરસાદ શરૂ થયો હતો. હજુ તો માંડ ઠંડી જવ જવ કરી ગરમી ના એંધાણ વર્તાઈ રહ્યા હતા ત્યાં સામી હોળીએ પડેલા કમોસમી વરસાદે ખેડૂતોના જીવ અધ્ધર કરી દીધા છે.

ખેડૂતોને કપાસ, મકાઈ, ડાંગર અને તુવેર જેવા પાકોને નુકસાન થવાનો ભય સતાવી રહ્યો છે. જ્યારે આંબા ના મોર ખરી જતાં કેરી, મહુડા ના ઉત્પાદન ઉપર માઠી અસરો થાય તેમ જણાઈ રહ્યું છે. હાલમાં આ પાકો ખેતરોમાં છે અને વરસાદથી તેમને મોટું નુકસાન થઈ શકે છે.

છેલ્લા કેટલાક દિવસોથી છોટાઉદેપુર જિલ્લામાં વિચિત્ર હવામાનનો અનુભવ થઈ રહ્યો છે, જ્યાં શિયાળો અને ઉનાળો એમ બંને ઋતુનો એકસાથે અનુભવ થઈ રહ્યો છે. આ અસામાન્ય હવામાન પલટાથી ખેડૂતોની મુશ્કેલીઓ વધી છે. ગતનો તાત ખેડૂત આ કમોસમી માવઠા થી ચિંતિત બન્યો છે.

## શિનોર પંથકમાં કમોસમી વરસાદી માવઠાંને કારણે ખેડૂતોમાં ચિંતા છવાઈ : તૈયાર પાક ને નુકશાની

શિનોર તાલુકાના સાધલી.શિનોર અને સેગવા સહિતના વિસ્તારોમાં સવારના સાડા ત્રણ વાગ્યાના સમયે અચાનક પડેલા વરસાદથી ખેડૂતો ના ઉભા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ થઈ રહી છે. ખેડૂતોના જણાવ્યા મુજબ કપાસ.દિવેલા.કેળા સહિતના પાકો માં વરસાદી પાણીથી ગુણવત્તા બગડવાની તેમજ ઊભા તૈયાર પાક ને નુકશાન જવાની શક્યતા છે. કેટલીક જગ્યાએ આંશિક પવન સાથે વરસાદ પડ્યા હોવાના અહેવાલો મળી રહ્યા છે. શિનોર પંથકમાં સવારથી જ વાતાવરણમાં ભારે ભેજ અને વાદળછાયું માહોલ જોવા મળ્યો, જેને કારણે જાણે ચોમાસાની ઋતુનો અહેસાસ થતો હતો. અચાનક બદલાયેલા હવામાનને કારણે ખેડૂતો ચિંતિત બન્યા છે અને તેઓ સરકાર તરફથી પાકનું સર્વેક્ષણ કરીને યોગ્ય વળતર આપવાની માંગ કરી રહ્યા છે. સ્થાનિક કૃષિ વિભાગ દ્વારા નુકસાનનું પ્રાથમિક મૂલ્યાંકન કરવામાં આવે તેવી ખેડૂતો દ્વારા માંગ કરાઈ છે..

બાતમીવાળી કાર આવતાં તેને ઉભી રાખી કારમાં બેઠેલાઓને ઝડપી લીધા

# દારૂ, કાર મળી કુલ રૂા.14.21 લાખનો મુદ્દામાલ જપ્ત

**લોટિયા પાસેથી** રૂા.6 લાખના દારૂ સાથે 2 ઝડપાયા, 2 ફરાર




(પ્રતિનિધિ) સંખેડા , તા.20

સંખેડા તાલુકાના લોટીયા ચોકડી પાસેથી છોટાઉદેપુર એલસીબી પોલીસે વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી હતી. જેમાંથી રૂા.6 લાખના વિદેશી દારૂ સાથે 2 ઝડપાયા હતા. જ્યારે 2 વોન્ટેડ છે.

છોટાઉદેપુર એલસીબી પોલીસ પેટ્રોલિંગમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે બોડેલી-ડભોઈ હાઈવે ઉપરથી એક કારમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ જવાનો છે. જેના આધારે પોલીસ લોટીયા ચોકડી પાસે વોચમાં હતી. તે દરમિયાન બાતમીવાળી કાર આવતાં તેને ઉભી રાખી કારમાં બેઠેલાઓને ઝડપી લીધા હતા. જે પૈકી એક બાળ કિશોર હતો. જ્યારે બીજો શૈલેષ રાઠવા રહે.ખડકવાડા હતો. તેણે પોલીસને જણાવ્યું હતું કે, દારૂ ભરી આપનાર શખ્સ મધ્યપ્રદેશના ચાંદપુરનો આર્યન મેડા હતો અને દારૂ મંગાવનાર કૃષ્ણા વસાવા રહે.આજવા રોડ, વડોદરા હતો. પોલીસે દારૂની 1392 બોટલ, ટીન કિંમત રૂા.6,01,584 જપ્ત કરી બે મોબાઈલ અને કાર મળીને કુલ રૂા. 14,21,584નો મુદ્દામાલ કબજે લઈ કાર્યવાહી કરી હતી.

# છોટાઉદેપુર નગરમાં ઓરસંગ નદીમાં જાગનાથ મંદિરે ભરાતો શિવરાત્રિનો મેળો રેતી માફિયાઓના પાપે ભૂતકાળ બન્યો

**શ્રી જાગનાથ મહાદેવ** મંદિર ને પ્રવાસન ક્ષેત્ર ગણી ઓરસંગ નદીમાં ભવ્ય ઘાટનું નિર્માણ કર્યુ





(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.20

આદીવાસી પંથકમાં શિવરાત્રિનું અનેરું મહત્વ છે. શિવરાત્રિ થી જ પંથક માં મેળાઓની શરૂઆત થાય છે. મહાશિવરાત્રિ એ છોટાઉદેપુર પંથકમાં ગામેગામ શિવ મંદિરો માં ભક્તોની ભીડ જામે છે. મેળાઓ ભરાય છે અને પંથકની ઉત્સવપ્રિય પ્રજા મેળો મહાલવા ઉમટી પડે છે. છોટાઉદેપુર નગરમાં ઓરસંગ નદીના સામા કિનારે આવેલા જાગનાથ મંદિર ખાતે મહાશિવરાત્રિ પર્વ માં હજારો ભક્તો ભોલેનાથ ના દર્શન કરી ધન્ય બન્યા હતા. પરતું રજવાડી સમયથી મહાશિવરાત્રિ નારોજ જાગનાથ મંદિર સામે ઓરસંગ નદીમાં ભરાતા ભવ્ય મેળો રેતી માફિયાઓના પાપે ભૂતકાળ બની ગયો હતો. ઓરસંગ નદીમાં ભરાતા આ મેળામાં પંથકની પ્રજા મેળો મહાલવા આવતી હતી. નદીની સફેદ રેતીમાં આબાલ વૃદ્ધ સૌકોઈ બેસી શેરડી, બોર, દ્રાક્ષ આરોગતા હતા નાના મોટા વેપારીઓ નદીના પટમાં પોતાની દુકાનો માંડતા હતા. અને જાગનાથ મહાદેવ મંદિર થી ભોળાનાથ ઓરસંગ નદી માં થઈ બેન્ડ વાજા સાથે પાલખીમાં બિરાજી નગર ભ્રમણ માટે નીકળતા અને આવતા ત્યારે મેળામાં હાજર હજારો ભક્તો નતમસ્તક થઈ દર્શનનો લ્હાવો લેતા. પરતું રેતી માફીયાઓ એ સંપૂર્ણ ઓરસંગ નદી માંથી રેતી ઉલેચી નાખતા હવે નદીમાં રેતી બચી જ નથી. નદીમાં માત્ર પથરા જ જોવા મળી રહ્યા છે. તો મેળો હવે કેવી રીતે ભરાય. રેતી માફિયાઓના પાપે મહાશિવરાત્રિ નિમિત્તે ઓરસંગ નદીમાં એક સમયે ભરપૂર રેતીના સ્થાને હવે માત્ર પથરા અને માટી જોઈ ને જેમણે ભૂતકાળમાં ઓરસંગ મૈયાની જાહોજલાલી જોઈ છે તે નગરજનો નું હૃદય આજની સ્થિતિ જોતા દ્રવી ઉઠે છે.

સરકાર દ્વારા શ્રી જાગનાથ મહાદેવ મંદિર ને પ્રવાસન ક્ષેત્ર ગણી ઓરસંગ નદીમાં ભવ્ય ઘાટ નું નિર્માણ કર્યુ તે સારી બાબત છે પરતું જાગનાથ મહાદેવની ભવ્યતા સમી ઓરસંગ નદીમા રેતી ખનન રોકવામાં નિષ્ફળ નીવડ્યા છે. રેતી માફીયાઓ ની વધતી જતી લાલચના કારણે ઓરસંગ નદી માં હવે મુઠી ભર રેતી પણ બચી નથી.

66 વર્ષના વૃદ્ધને નગ્ન ફોટા અને રેપની ધમકી આપી લાખો રૂપિયા પડાવતી ગેંગ ઝડપાઈ

# શિનોરનો ચકચારી કેસ: હનીટ્રેપ કરનાર ટોળકીનો ત્રીજો આરોપી પકડાયો

**મુખ્ય વચેટીઓ** આશિક પઠાણ ઝડપાતા બાકીના છ આરોપીઓ પણ ઝડપાઈ જશે



(પ્રતિનિધિ) શિનોર, તા.20

શિનોરના ફરિયાદી સિનિયર સિટીઝન ઉમર વર્ષ 66 ને તારીખ 1 મે 2025 થી તારીખ 29 ઓક્ટોબર 2025 સુધી જુદા જુદા સમયે,જુદા જુદા સ્થળે, બોલાવીને કુલ 9 આરોપીઓએ કાવતરૂ કરીને રૂપિયા 75 લાખ 75,550 પડાવી લીધા હતા. જેની ફરિયાદ તારીખ 6 ફેબ્રુઆરી 2026 ના રોજ શિનોર પોલીસ સ્ટેશન નોંધાવી હતી. જેની તપાસ ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર.ભાદરકા કરી રહ્યા છે અને શરૂઆતમાં શિનોરના બે આરોપીઓ અનવર ટેલર અને સલીમ ઉર્ફે બતક પઠાણને ઝડપી પાડ્યા હતા અને નામદાર કોર્ટે 12 દિવસના રિમાન્ડ આપ્યા હતા, તેઓની પાસેથી રૂપિયા 4,18,000 નો મુદ્દા માલ કબજે કરવામાં આવ્યો હતો. જેના હાથે તમામ પૈસાનો વહીવટ થયો હતો, તે શિનોર નો આશિક સિકંદર પઠાણ ભાગી ગયો હતો અને તેને દવા પી લીધી હતી, હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો, ત્યાંથી જ તેને ઝડપી પાડેલ છે. આમ મુખ્ય વચેટીઓ આશિક પઠાણ ઝડપાતા બાકીના છ આરોપીઓ પણ ઝડપાઈ જશે, એમ લાગી રહ્યું છે.

માલસર થી માંડવા વચ્ચે રોડ પર ખેતરમાં મહારાજનું મકાન આવેલ છે, તે મકાનમાં બોલાવીને આરોપીઓએ કપડા કાઢી સેક્સ માટે દબાણ કરેલ અને તે સમયે અજાણ્યા બે લોકો આવી ચડતાં આશિક દ્વારા નાણાંની તોડપાણી કરાયેલ, આ મકાન માલિક મહારાજ પણ શંકા ના ડાયરામાં છે.

ઈન્ચાર્જ પી.આઈ. ડી.આર. ભાદરકા દ્વારા સાચી તપાસ થશે, તો પૂરેપૂરી રકમ રિકવરી થવાની આશા જાગેલ છે. ઉછીના પૈસા લેનારાના જીવ પણ તાળવે બંધાયેલા છે. શિનોરના ત્રણે આરોપીઓ ઝડપાઈ જતા સમગ્ર તાલુકામાં આ કિસ્સો ચર્ચાની એરણે ચડેલ છે.

ઓરસંગ નદીનો બ્રિજ સહિત અન્ય અનેક બ્રિજોને DSRમાં સમાવેશ કરવામાં આવ્યો હતો

# બોડેલી મેરીયા બ્રિજથી 1km ના અંતર સુધી નદીમાં No Mining Zone જાહેર કરવાની લોક માંગ

**રોડ રીપેરીંગ** અર્થેની કોઈ પણ કામગીરી કરવામાં આવેલ નથી



(પ્રતિનિધિ) બોડેલી, તા.20

છોટાઉદેપુર જિલ્લામાં રેતી ખનનને લઈને ફરી એકવાર ગંભીર સવાલો ઉઠ્યા છે. ખાસ કરીને બોડેલી નજીક આવેલ મેરીયા બ્રિજને લઈને લોકોમાં ભારે ચર્ચા ચાલી રહી છે. ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ બોડેલી મેરીયા નદીના બ્રિજ ને પણ તાકેદારીના પગલાં અર્થે છેલ્લા છ મહિના જેટલા સમયથી મોટા વાહનો માટે બંધ કરવામાં આવેલ છે. અને ત્યાં રીપેરીંગ અર્થેની કોઈ પણ કામગીરી કરવામાં આવેલ નથી જ્યારે જિલ્લામાં બ્રિજોની ગુણવત્તા જાળવવા માટે DSR (District Survey Report) તૈયાર કરવામાં આવ્યા હતા, ત્યારે National Highway 56 પર આવેલ ભારજ નદીનો બ્રિજ, ઓરસંગ નદીનો બ્રિજ સહિત અન્ય અનેક બ્રિજોને DSRમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

DSR મુજબ બ્રિજથી એક કિલોમીટર સુધી No Mining Zone જાહેર કરાયો હતો, જેથી તે વિસ્તારમાં આવેલી તમામ લીઝો બંધ કરવામાં આવી અને બ્રિજોની સલામતી સુનિશ્ચિત કરવામાં આવી હતી સીહોદ ભારજ નદીનો બ્રિજ અને બોડેલી ઓરસંગ બ્રિજનો સમાવેશ કરાયા બાદ આજે પણ ત્યાં No Mining Zone અમલમાં છે.

પરંતુ સૌથી મોટો સવાલ એ છે કે - જ્યારે આ સર્વે ચાલી રહ્યો હતો ત્યારે મેરીયા બ્રિજને DSRમાંથી બાકાત કેમ રાખવામાં આવ્યો? જો મેરીયા બ્રિજ DSRમાં સામેલ થયો હોય, તો પછી બ્રિજથી એક કિલોમીટર સુધીની લીઝો બંધ કેમ કરવામાં આવી નથી? શું મેરીયા બ્રિજ નેશનલ હાઈવે પર આવેલ નથી? હાલ પણ મેરિયા બ્રિજથી એક કિલોમીટરના અંતર પહેલા ગેરકાયદેસર રીતે રેતી ખનન જોવા મળે છે.

# સી. આર. સી. (ગ્રુપ) કક્ષાનો આનંદ મેળાનુ આયોજન

(પ્રતિનિધિ) કવાંટ, તા.20

કવાંટ તાલુકાના પ્રમુખ મિલન ભાઈ રાઠવા, બી. આર. સી. કો.કવાંટ રાજેશભાઈ રાઠવા, તાલુકા શિક્ષક સંઘ ના પ્રમુખ શનિયા રાઠવા, શૈક્ષિક મહાસંઘ કવાંટ ના અધ્યક્ષ તનસિંગ રાઠવા, જિલ્લા શૈક્ષિક મહાસંઘના મહામંત્રી વિજય ભાઈ સોલંકી, સી.આર.સી મનીષ ભાઈ રાઠોડ તેમજ સરપંચ શૈલેષ ભાઈ રાઠવા ઉપસ્થિત રહ્યા હતા.આનંદ મેળો માત્ર મોજમજા માટેનો કાર્યક્રમ નથી, પરંતુ વિદ્યાર્થીઓની પ્રતિભા, સર્જનાત્મકતા અને સંચાલન કૌશલ્યને ઉજાગર કરતો અનોખો અવસર છે.

વિદ્યાર્થીઓએ પોતાના પ્રયાસોથી વિવિધ સ્ટોલ, રમતો, ખાદ્યપદાર્થો અને પ્રદર્શનોનું આયોજન કર્યું છે. આ સમગ્ર આયોજન તેમની મહેનત, ટીમવર્ક અને નેતૃત્વ ક્ષમતાનો સુંદર પરિચય આપે છે. શાળા એ માત્ર પાઠ્યપુસ્તક જ્ઞાન આપવાનું સ્થાન નથી, પરંતુ જીવન કૌશલ્યો વિકસાવવાનું પવિત્ર કેન્દ્ર છે. આવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, જવાબદારી અને વ્યવહારુ જ્ઞાન વિકસે છે. તેઓ પોતે આયોજન કરે છે, ખર્ચ અને આવકનું સંચાલન કરે છે, આ કાર્યક્રમ સફળ બને તે માટે આચાર્યશ્રી, શિક્ષકમિત્રો અને વિદ્યાર્થીઓએ ખૂબ જ મહેનત કરી છે.

પબ્લિક હોસ્પિટલમાંથી પાણીની પાઇપનો ઉપયોગ કરીને આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો

# બોડેલી "ગુડ ગારમેન્ટ" કપડાની દુકાનમાં આગ




(પ્રતિનિધિ) બોડેલી, તા.20

બોડેલીના નવા બજારમાં આવેલી ગુડ ગારમેન્ટ નામની કપડાની દુકાનમાં આજે વહેલી સવારે આગ લાગી હતી. ઘટનાની જાણ થતા લોક ટોળા એકત્રિત થયા હતા આ ઘટનામાં દુકાન સંપૂર્ણપણે બળીને ખાક થવા માણી હતી. કપડાની દુકાન હોવાથી આગ પોતાનો રુદ્ર સ્વરૂપ બતાવ્યો હતો ફુલ ઝડપે આગ લાગતા જ સ્થાનિક લોકો ઘટનાસ્થળે ભેગા થયા હતા. બોડેલી ફાયર ફાઈટરને જાણ કરવામાં આવી હતી, પરંતુ તેમની ટીમ સમયસર પહોંચી શકી ન હતી. બોડેલી નગરપાલિકા હોવા છતાં ત્યાં ફાયર ફાયટર સમય પર ન મળતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ફાયર ફાઈટરની રાહ જોયા વિના, સ્થાનિકોએ નજીકની પબ્લિક હોસ્પિટલમાંથી પાણીની પાઈપનો ઉપયોગ કરીને આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. તેમના સમયસરના પ્રયાસોથી આગને વધુ ફેલાતી અટકાવવામાં આવી હતી.

### ફાયર ફાઈટર બહારથી બોલાવ્યા

બોડેલીમાં પાણીનો બમ્બો ઉપલબ્ધ ન હોવાથી, પંચમહાલના જાંબુઘોડા અને છોટાઉદેપુરથી ફાયર ફાઈટરની ગાડીઓ બોલાવવામાં આવી હતી. આ ટીમોએ ઘટનાસ્થળે પહોંચીને આગને સંપૂર્ણપણે કાબુમાં લીધી હતી. સમગ્ર બાબતે નગરપાલિકા ચીફ ઓફિસર દ્વારા જણાવવામાં આવ્યું કે હાલજ નગરપાલિકા બનતા ત્યાં ફાયર ફાઈટરની સુવિધા માટેની તૈયારીઓ ચાલી રહી છે અને બોડેલી એપીએમસી માં ગાડી છે તે રીપેરીંગ અર્થે મોકલવામાં આવેલ હતી.

# છોટાઉદેપુરના સ્ટાફ દ્વારા અજગરનુ રેસ્ક્યુ કરાયું

**અજગરનુ રેસ્ક્યુ** કરી સુરક્ષિત જંગલમાં છોડવામાં આવ્યો



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.20

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના પાનવડ ગામની સીમમાં આવેલ આશરે ૫૦ ફૂટ ઉંડા કુવામાંથી વન વિભાગ દ્વારા અજગર નુ રેસ્ક્યુ કરી સુરક્ષિત જંગલમાં છોડવામાં આવ્યો હતો.

છોટાઉદેપુર વન વિભાગ ના પાનવડ રેંજ હેઠળ પાનવડ ગામમાં ઊંડા (લગભગ 50 ફૂટ) કૂવામાં અજગર પડ્યાની જાણ થતાં વન રક્ષક ભરતભાઈ ફૌજી અને અરવિંદભાઈ જોષી તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા. ભારે મુશ્કેલી અને જીવના જોખમે કૂવામાં ઉતરી તેમણે અજગરને સુરક્ષિત રીતે બહાર કાઢી સફળ રેસ્ક્યુ કર્યું. આ કામગીરી દ્વારા તેમણે વન્યજીવ પ્રત્યેનો પ્રેમ, ફરજપ્રતિ નિષ્ઠા અને સાહસિકતા સાબિત કરી છે. ગ્રામજનોએ વન વિભાગ ની કામગીરીને સરાહી હતી.

## સંતરામ મંદિર-પાદરા ખાતે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

પાદરા : શ્રી સંતરામ મંદિર-પાદરા ખાતે પ.પૂ. બ્રહ્મલિન મહંતશ્રી માધવદાસજી મહારાજની પુણ્યતિથી નિમિત્તે તા. ૨૨-૦૨-૨૦૨૬, રવિવારના રોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર પ્રસંગે તમામ ગુરૂભક્તોને ઉપસ્થિત રહી ધાર્મિક લાભ લેવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે. આયોજન મુજબ સવારે ૮.૦૦ કલાકે શ્રી સંતરામ ડેરી-પાદરા ખાતે પૂજા યોજાશે. બપોરે ૨.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન છાણી સખી મંડળ દ્વારા ભજન કાર્યક્રમ યોજાશે. સાંજે ૫.૦૦ થી ૬.૦૦ કલાકે શ્રી વિષ્ણુસહસ્ત્ર પાઠ કરવામાં આવશે. ત્યારબાદ સાંજે ૭.૦૦ કલાકે ભોજન પ્રસાદીનું આયોજન રાખવામાં આવ્યું છે.

# સંખેડા ડી.બી પારેખ હાઈસ્કૂલના 95 વિદ્યાર્થીને કૃષિ જ્ઞાન મળ્યું




(પ્રતિનિધિ) સંખેડા, તા.20

સંખેડા તાલુકાની નામાંકિત શાળા ડી. બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ તાજેતરમાં ખેતી અને સંશોધન આધારિત જ્ઞાન મેળવવા માટે સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર હોર્ટીકલ્ચર, ખાંડીવાવ ખાતે શૈક્ષણિક મુલાકાત યોજી હતી. જેમાં છોટાઉદેપુર જિલ્લાના A.D.Hશ્રી અભિજિત પંચ સર, બાગાયત સુપરવાઈઝરશ્રી કમલેશભાઈ પટેલ ટેકનીકલ આશિષભાઈ રાઠવાઉપસ્થિત રહ્યા હતા.

આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને આત્મ નિર્ભર બની કૃષિ ક્ષેત્રમાં ચાલી રહેલા આધુનિક સંશોધન, નવી ખેતી પદ્ધતિઓ, પાક ઉત્પાદન, સંરક્ષણ અને ટેકનોલોજી આધારિત ખેતી વિશે વ્યવહારુ માર્ગદર્શન આપવાનો હતો. શાળાના વોકેશનલ કોર્સ અંતર્ગત આશરે ૯૫ જેટલા વિદ્યાર્થીઓ તથા ટ્રેનર શિક્ષક કિસ્મતભાઈ રાઠવા તથા નેહાબેન પટેલ માર્ગદર્શક શિક્ષકોની ઉપસ્થિતિમાં આયોજન કરાયેલ આ કાર્યક્રમ દરમિયાન નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને આધુનિક કૃષિ સાધનો, નવીન ખેતી પદ્ધતિઓ અને ભવિષ્યમાં કૃષિ ક્ષેત્રે રહેલી કારકિર્દી સંભાવનાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. મુલાકાત દરમિયાન પ્રાયોગિક સમજ સાથે વિદ્યાર્થીઓને ખેતીમાં ટેકનોલોજીનો વધતો ઉપયોગ, ઉત્પાદન વૃદ્ધિના ઉપાયો તેમજ સંશોધન આધારિત ખેતી કેવી રીતે ખેડૂતને લાભદાયક બને છે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નોત્તરીમાં ભાગ લીધો અને કૃષિ ક્ષેત્ર પ્રત્યે વિશેષ રસ દર્શાવ્યો હતો. શાળાના આચાર્યશ્રી ચિરાગ શાહ દ્વારા સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર હોર્ટીકલ્ચરનો આભાર માની કહેવામાં આવ્યું હતું કે શાળા સંચાલનના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ શૈક્ષણિક મુલાકાત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અત્યંત ઉપયોગી સાબિત થઈ હતી.

# સંસ્કૃતપ્રોત્સાહનસમારોહમાંબોડેલીની નવજીવન હાઈસ્કૂલનું ભવ્ય સન્માન




(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.20

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા ગાંધીનગર ખાતે આયોજિત રાજ્યકક્ષાના ભવ્ય "સંસ્કૃત પ્રોત્સાહન સમારોહ" માં બોડેલીની નવજીવન હાઈસ્કૂલે ડંકો વગાડ્યો છે. માધ્યમિક સ્તરે સંસ્કૃત ભાષાના શિક્ષણને વેગ આપવા અને વિદ્યાર્થીઓને આ દેવવાણી ભાષા પ્રત્યે અભિમુખ કરવા બદલ શાળાનું રાજ્ય કક્ષાએ સન્માન કરવામાં આવ્યું છે.

શાળાની વિશેષ સિદ્ધિઃ ન વજીવન હાઈસ્કૂલના ધોરણ 10ના વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષા અ પ નાવવા અને તેમાં ઉત્કૃષ્ટ દે ખાવ કરવા માટે પ્રોત્સાહિત કર નાર સમર્પિત શિક્ષકો શ્રીમતી તે જ લબેન પંચાલ અને શ્રીમતી કૃષ્ણાબેન ચતુર્વેદીની મહેનત રંગ લાવી છે. આ ભવ્ય સફળતા બદલ શાળાને પ્રતિષ્ઠિત સ્મૃતિચિહ્ન અ ને 50,000નું રોકડ ઈનામ એનાયત કરવામાં આવ્યું છે, જેણે બો ડે લી પંથકને શૈક્ષણિક નકશા પર ગૌરવવંતું સ્થાન અપાવ્યું છે. આ પ્રસંગે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ હિમાંજય પાલીવાલ, ઉપાધ્યક્ષ અને પાઠ્યપુસ્તક મંડળના અધ્યક્ષ મનુભાઈ પાવરા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શાળા પરિવારની આ અદભૂત સિદ્ધિ બદલ હર્ષની લાગણી વ્યક્ત કરતા શાળાના સંચાલકોએ જણાવ્યું હતું.